**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૩ ટકા

# સે-૬ શાકમાર્કેટની બાજુમાં ખદબદતી ગંદકી

## અપના બજારસહિત નવા વિકેસેલા શોપીંગ કોમ્પ્લેક્ષમાં પણ ભોજનાલયો અને ફરસાણની દુકાનો હોવાથી રોગજન્ય જીવજંતુઓથી જાહેર આરોગ્યને ખતરો

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૬ના મેદાનમાં વરસાદી પાણીના ભરાવા બાદ સર્જાયેલી ગંદકીથી આ વિસ્તારમાં રોગચાળો ફેલાવાની દહેશત ફેલાવા પામી છે. બરાબર શાક માર્કેટની બાજુમાં અને નવ વિકસિત શોપીંગ કોમ્પ્લેક્ષોની નજીકમાં નિચાણવાળા ભાગમાં ફેલાયેલી આ ગંદકીમાં માખી-મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે જે જાહેર જનતાના આરોગ્ય સામે તોળાતા ખતરા સમાન છે. કેમ કે આ વિસ્તારમાં અસંખ્ય રેસ્ટોરન્ટ, ભોજનાલય તથા ખાણીપીણીની રેંકડીઓ વગેરેનું બજાર પણ ધમધમી રહ્યું છે.



સેકટર-૬માં અપના બજાર નજીક ખુલ્લા મેદાનમાં નિચાણવાળા ભાગમાં શહેરમાં છેલ્લા કેટલાક દિવસો દરમિયાન વરસેલા વરસાદના પાણીનો ભરાવો થવા પામ્યો હતો. વરસાદ સાથે વચ્ચે વરાંપ પણ નીકળતા આ પાણી અડધું સુકાયું અને બાકીના પાણીથી કાદવ કિચડ સર્જાવા પામ્યા છે જેને કારણે આ મોટા ખાબોચિયામાં માખી-મચ્છર જેવા જીવાણુઓનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. આ ખાબોચિયાની નજીક જ નવા વાણિજય સંકુલોનો વિકાસ થયો છે. જેમાં તથા અપના બજારમાં ભોજનાલય, રેસ્ટોરન્ટ તથા મિઠાઈ ફરસાણના વેપારીઓના એકમો ધમધમે છે. આ ઉપરાંત ચા-પાણી નાસ્તાની રેંકડીઓ પણ મોટી સંખ્યામાં જોવા મળે છે જયાં સાંજે શાકભાજી સહિત અન્ય ખરીદી કરવા આવેલી મહિલાઓની ઘરાકી જામે છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા યુવાનોને કિફાયતી ભાવે ભોજન પીરસતા ભોજનાલયો પણ નાગરિકોની પસંદગીનું સ્થળ છે. તેમજ ખાબોચિયાની ગંદકીને અડીને ભરાતા શાકમાર્કેટમાંથી મહિલા પોતાના પરિવાર માટે શાકભાજી ખરીદે છે. આ સ્થિતિમાં અહીંની ગંદકીથી શાકભાજી ખરીદવા આવેલી ગૃહિણીઓથી માંડીને યુવાનો, અન્ય મુલાકાતીઓ વગેરેનુ આરોગ્ય જોખમાય તેવી દહેશત છે. સત્વરે આ ગંદકીમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાય અને નિચાણવાળા વિસ્તારમાં પુરાણ કરાય તેવી આ વિસ્તારના રહીશો તથા વેપારીઓમાં માંગ ઉઠવા પામી છે.

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● ગણેશોત્સવ નિમિત્તે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સે-૧૬ સોમનાથ મંદિર ખાતે રાત્રે ૮ કલાકે આરતી તથા ૮.૩૦ કલાકે ગોપાલ બારોટનો ડાયરો યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સે-૨૨ રંગમંચ ખાતે રાત્રે ૮ કલાકે આરતી અને બપોરે ૧.૩૦ કલાકે જયોતિ મહિલા મંડળ દ્વારા બહેનો માટે હલદી કંકુ, ભજન, આરતી સુશોભન, ફુલદાની તથા મોદક સ્પર્ધા યોજાશે તથા રાત્રે ૮.૩૦ કલાકે ગાંધીનગરની વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા લોક નૃત્યોત્સવ યોજાશે.

● સે-૩-ડી યુવક મંડળ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે રાત્રે ૮ કલાકે આરતી તથા ગોલ્ડન ચીયર્સના રાસ ગરબા યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સે-૨-સી દ્વારા રાત્રે ૯ કલાકે આરતી ત્યારબાદ માહિતી ખાતુ, ગુજરાત રાજય દ્વારા હાસ્ય દરબાર ત્રિપુટીનો તરખાટ કાર્યક્રમ યોજાશે.

● જય ગોગા યુવક મંડળ સે-૫-બી દ્વારા શોપીંગ સેન્ટર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા, સાંજે ૭ કલાકે આરતી તથા રાત્રે ૮ કલાકે ભદ્રેશ દવેનો ડાયરો યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા બપોરે ૨ કલાકે જય અંબે ગૃપ તથા સેકટરની બહેનો દ્વારા આનંદનો ગરબો અને ૯ કલાકે ટ્રેડીશનલ ગરબા સ્પર્ધા યોજાશે.

● ભાવનાબેન ગોકલાણીનો આનંદનો ગરબો બપોરે ૩ થી ૬ દરમિયાન રાજેશભાઈ શુકલના યજમાન પદે મહારાષ્ટ્ર ભવન સે-૨૧ ખાતે યોજાશે.

## સે-૨૮ બગીચા પાસેથી છરા સાથે યુવક પકડાયો

ગાંધીનગર શહેરના પ્રસિધ્ધ સેકટર-૨૮ બગીચા પાસેથી એક યુવક છરા સાથે ઝડપાતા ચકચાર મચી જવા પામી છે. બગીચા પાસે આંટા-ફેરા મારતો યુવાન શંકાસ્પદ જણાતા એલસીબી પોલીસે તેની ચકાસણી કરી હતી. તેની પાસેથી કપડાના કવરમાં સાથે રાખેલો છરો મળી આવ્યો હતો. જને પગલે પોલીસે યુવકનુ નામ પુછતા તે જુના પીંપળજ ગામના વાલજીભાના વાસમાં રહેતો સિધ્ધરાજસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા (ઉં.વ.૧૯) હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને પગલે એલસીબી પોલીસે યુવક પાસેથી રૂ.૧૦૦ ની કિંમતનો છરો અને રૂ.૫ હજારની કિંમતનો મોબાઈલ જપ્ત કરીને સેકટર-૨૧ પોલીસ મથકમાં હથીયારબંધી જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધાવ્યો હતો. પોલીસની પ્રાથમિક પુછપરછમાં યુવકે કોઈ જાણીતા સાથે ઝઘડો થતા સામાવાળાએ મારવાની ધમકી આપતા આ યુવક છરો લઈને ફરતો હોવાનું જણાવ્યું હતું.

## રિલાયન્સ ચોકડી પરથી સોનાના બે તોલાના દોરાની ચીલઝડપ

ગાંધીનગર, તા.૪

ન્યું ગાંધીનગરની રિલાયન્સ ચાર રસ્તા પાસે ગાડીમાં કાચ ખોલીને બેઠેલા મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ થવા પામી છે. ભરચક વિસ્તારમાંથી દોરા તુટતા નાગરીકો એકઠા થઈ ગયા હતા. પરંતુ દોરો તોડીને યુવકો રાત્રીના અંધકારમાં અદ્રશ્ય થઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૪ બી ખાતે રહેતા સ્નેહલબેન ભરતભાઈ સોની પોતાના પતિ અને બાળકો સાથે સેકટર-૨૮ ખાતે ગણપતિ મહોત્સવમાં દર્શન માટે ગયા હતા. ત્યાંથી રાત્રે પોણા નવ વાગ્યના સુમારે રિલાયન્સ ચોકડી પાસે કાર ઉભીરાખીને તેમના પતિ રોડ ક્રોસ કરીને બાળકો માટે આઈસક્રીમ લેવા માટે ગયા હતા. આ સમયે સ્નેહલબેન કારની ડાબી બાજુએ કાચ ખુલ્લો રાખીને બેઠા હતા.આ સમયે પાછળથી આવેલા એક ૨૫ વર્ષના યુવકે સ્નેહલબેન કંઈ સમજે કે વિચારે તે પહેલા તેણે ગળામાંથી સોનાનો દોરો તોડીને ફરાર થઈ ગયો હતો. સ્નેહલબેને કારમાંથી નીચે ઉતરીને બુમાબુમ કરી હતી પરંતુ તે પહેલા તે શખ્સ થોડાક અંતરે બાઈક લઈને ઉભેલા સાગરીતની પાછળ બેસીને પલાયન થઈ ગયો હતો. આ સમયે મહિલાના પતિ પણ આવી ગયા હતા.પરંતુ ત્યાં સુધીમાં બંન્મે શખ્સો ગાયબ થઈ ગયા હતા. ત્યારે તાજેતરમાં લવારપુર પાસે પણ બે અજાણ્યા શખ્સોએ એક મહિલાનો દોરો ખેંચી ફરાર થઈ ગયા હતા. ત્યારે બંન્ને બનાવમાં એક જ શખ્સો હોવાનું લાગી રહ્યું છે.



તાજેતરમાં અમેરિકાના વેસ્ટ વર્જીનિયા ખાતે વિશ્વભરની સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિની વૈશ્વિક સંમેલન સમી ૨૪મી 'વર્લ્ડ સ્કાઉટ જામ્બોરી' યોજાઈ હતી. જેમાં ગુજરાતમાંથી માત્ર ૨ સ્કાઉટની પસંદગી થઈ હતી. જે પૈકી એક ગાંધીનગરના યુવરાજસિંહ વાઘેલા હતા. જામ્બોરી સહિત અમેરિકામાં બે માસ રહી સફળતા હાંસલ કરી પરત ફરેલા યુવરાજસિંહ વાઘેલાનું જિલ્લા સ્કઉટ ગાઈડ સંઘ દ્વારા સ્વાગત સમારોહ યોજી સન્માન કરવામાં આવ્યું હતું.

## ગણેશોત્સવની ઉજવણીમાં 'બેસ્ટ સિંગર ઓફ ધ સીટી'






ગાંધીનગર, તા.૪

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ગણેશ મહોત્સવના બીજા દિવસે ગુજરાત સરકારના માહિતી ખાતાના સૌજન્યથી 'બેસ્ટ સિંગર ઓફ ધ સીટી' હિન્દી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા ગૃપ એ ૬ થી ૧૫ વર્ષ, ગૃપ બી ૧૬ થી ૩૦ વર્ષ, ગૃપ સી ૩૧ થી ૫૦ વર્ષ અને ગૃપ ડી ૫૦થી વધુ વર્ષ એમ ૪ વિભાગમાં વહેંચાયેલી હતી. આ દરેક વયજૂથમાંથી ૩ ગાંધીનગરના બેસ્ટ સુરીલા સિંગર્સની પસંદગી કરવામાં આવી હતી.

જેમાં ગૃપ એ-૬ થી ૧૫ વર્ષમાં પ્રથમ ક્રમે કવન અજબાની, દ્વિતીય ક્રમે મંથન પ્રજાપતિ તથા તૃતીય ક્રમે અદિતિ પટનાયક, ગૃપ બી-૧૬ થી ૩૦ વર્ષમાં પ્રથમ ક્રમે સાગર દેસાઈ, દ્વિતિય ક્રમે રીશીરાજ પરમાર, તૃતીય ક્રમે નિસર્ગ ચૌધરી રહ્યા હતા.

ગૃપ-સી ૩૧ થી ૫૦ વર્ષમાં પ્રથમ ક્રમે જયદત અજબાની, દ્વિતીય ક્રમે કેયુર વોરા, તૃતીય ક્રમે ડૉ. રાજેશ મારું અને ગૃપ-ડી ૫૦થી વધુ વર્ષમાં પ્રથમ ક્રમે ભરત પ્રજાપતિ, દ્વિતીય ક્રમે કિશોર પ્રજાપતિ અને તૃતીય ક્રમે ભરત ઠાકર રહ્યા હતા.

આ કાર્યક્રમનાં નિર્ણાયક તરીકે ઉદય શુકલા, સુરેશ રત્નોકર તેમજ પિનાકીન વ્યાસે સેવા બજાવી હતી. કાર્યક્રમને નિહાળવા ખાસ મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, ચીફ ફાયર ઓફિસર મોઢ સાહેબ પધાર્યા હતા. તેમજ બ્રહ્માકુમારીઝના બહેનો અને મિડીયા મિત્રોએ પણ શ્રીજીની પૂજા અર્ચના કરી કાર્યક્રમ નિહાળ્યો હતો. બાંધકામ સમિતિના ભાવિનસિંહ, પ્રદેશ તેમજ જિલ્લા કોંગ્રેસ સમિતિના હિમાંશુભાઈ પટેલ, કૌશિક શાહ, રાજેન્દ્રસિંહ ચાવડા, તેજાભાઈ દેસાઈ, કાઉન્સિલરશ્રીઓ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનો લાભ અબાલ વૃધ્ધ સૌએ હાથે મળીને લીધો હતો. દરેક ગાયક કલાકારોને સંસ્થાના અધ્યક્ષ નિશિત વ્યાસ દ્વારા સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા અને વિજેતા ગાયકોને ગીફટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શૈલેશ પવાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં રાકેશ જાની, મિતુલ જોષી, વૈભવ જાની, હિરેન શાસ્ત્રી, મુકેશ મારુ, ઉર્પલ જોષી અને યુવરાજસિંહ રાણાનું મુખ્ય યોગદાન રહ્યું હતું. ગાયક કલાકારોએ સુરીલા ગીતો ગાઈને રંગમંચ પર હાજર દર્શકોનું મન મોહી લીધું હતું.

## રણાસણમાં ખેતરમાં જુગાર રમતા ૮ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર નજીક આવેલા રણાસણ ગામના ખેતરમાં ખુલ્લી જગ્યામાં કુંડાળુ કરીને જુગાર રમી રહેલા ૯ ઈસમોને પોલીસે પકડી પાડ્યા છે. ડભોડા પીએસઆઈ બી.આર.રાઠોડની ટીમના હે.કો.મનોજકુમારને બાતમી મળી હતી કે રણાસણની સીમમાં મેદરા રેલ્વે ક્રોસીગપાસે હરેશ ચંદુલાલ પટેલ, પોતાના ખેતરમાં માણસોને બોલાવી જુગાર રમાડતો હોવાની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર રેઈડ કરતા આઠ જુગારી રંગેહાથ રમતા પકડાઈ ગયા છે. જેમાં ખેતર માલિક અને રણાસણ ગામનો ખેતરનો માલિક હરેશ ચંદુ પટેલ સુઘડના અનિલ કાંતિ ઠાકોર, રવિરાજસિંહ વિક્રમસિંહ સોલંકી, સુરેશ પોપટલાલ શાહ, દેવનારામય રામચરણ પ્રજાપતિ, ધુરજી ઉર્ફે લાલજી દેવજી પટેલ, મુકેશ ભગવાન ડેડુન અને દેવાંગ હસમુખભાઈ પટેલ તેમજ વેજલપુર ગામના કનુભાઈ બાબુભાઈ ગોહિલનો સમાવેશ થાય છે. પોલીસે આઠ જુગારીઓ પાસેથી રૂ.૧૯,૯૪૦ રોકડા અને રૂ.૫૫૦૦ ની કિંમતના ૭ મોબાઈલ મળી કુલ રૂ.૨૫,૪૪૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે પકડાયેલા ૮ જુગારીઓ અને જુગારનો અડ્ડો ચલાવતા ખેતરમાલિક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




કોબા ગ્રામ પંચાયત ખાતે રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રધ્ધાદિપ બ્લડ બેંક અને ગુજરાત ટુરીઝમના હેલ્પ એન્ડ વેલનેસ ટુરીઝમ એ ફાળો આપ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ગ્રામ પંચાયતના સરપંચ યોગેશભાઈ ન્યાયી, તલાટી સચીનભાઈ પટેલ તથા એનએસએસના ડૉ. સુગ્નેશ ચુડાસમા અને ટીમે ભેગા મળી જહેમત ઉઠાવી હતી.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **સાહો**
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૪૫, ૧૨.૫૦, ૧.૫૦, ૩.૨૦, ૫.૨૫, ૬.૫૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૩૦

● **મિશન મંગલ**
૧૦.૪૫, ૧.૦૦, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫

● **બાટલા હાઉસ**
૧.૩૫, ૧૦.૧૫ રાત્રે

● **ધ એંગ્રી બર્ડસ મુવી-૨**
૩ડી હિન્દી-૯.૩૫ સવારે

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **સાહો**
૯.૧૫, ૧૨.૫૦, ૪.૨૫, ૮.૦૦, ૧૦.૧૫, ૧.૫૦, ૫.૨૫, ૯.૦૦, ૧૧.૧૫, ૨.૫૦, ૬.૨૫, ૧૦.૦૦

● **મિશન મંગલ**
૯.૩૦

● **બાટલા હાઉસ**
૧૦.૧૫, ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **સાહો**
૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૪૦

● **મિશન મંગલ**
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

● **બાટલા હાઉસ**
૧.૩૦, ૭.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● **સાહો**
૧૦.૩૦, ૧૧.૪૫, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૧૫, ૩.૪૫, ૫.૩૦, ૬.૪૫, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૧૫

● **મિશન મંગલ**
૨.૦૦, ૧૦.૦૦

● **બાટલા હાઉસ**
૪.૩૦

● **ચાલ જીવી લઈએ**
૧૧.૩૦ સવારે

● **ચાસની (ગુજરાતી)**
૭.૧૫ સાંજે

## ચિલોડા સર્કલથી ૬ બોટલ દારુ સાથે યુવક ઝડપાયો

ચિલોડા પોલીસ બપોરના સુમારે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હિંમતનગરથી ચિલોડા આવતા માર્ગ પર સર્કલ પાસે એક યુવકની હિલચાલ શંકાસ્પદ લાગી હતી. જેથી પોલીસે તે યુવક પાસે રહેલો થેલો ચેક કરતા તેમાંથી પોલીસને ૬ બોટલ દારુ મળી આવ્યો હતો. જેને પગલે પોલીસે મુળ વિજાપુરના અને હાલ પ્રાંતિજ રહેતા સલીમ મહેમુદમિયા શેખ ઉં.વ.૨૫ ની ધરપકડ કરી હતી. પોલીસે રૂ.૨૨૮૬ ની કિંમતનો દારુનો જથ્થો જપ્ત કરી આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બીજીતરફ ચિલોડા પોલીસે આલમપુર ગામ પાસેથી લેકાવાળા ગામના મયુરસિંહ સુરેન્દ્રસિંહ વાઘેલા ઉં.વ.૧૯ ને વિદેશી દારુની બે બોટલ સાથે દબોચી રૂ. ૬૦૦ની કિંમતનો દારુ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આવતીકાલથી શહેરના આંગણે ગુજરાત યુનિવર્સિટીની ભવ્ય 'અભિવ્યકિત'નો પ્રારંભ

## સમર્પણ કોલેજના યજમાનપદે યોજાનાર બે દિવસીય અભિવ્યકિત યુવક મહોત્સવનો પ્રારંભ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કરાવશે : ૪૩ કોલેજના ૧૧૦૬ વિદ્યાર્થીઓ ૨૯ સ્પર્ધાઓમાં ભાગ લેશે

ગાંધીનગર, તા.૪

ગુજરાત યુનિવર્સિટીના ઉત્તર વિભાગનો વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષનો યુવક મહોત્સવ 'અભિવ્યકિત' ગાંધીનગરના આંગણે તા. ૬ અને ૭ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. શહેરની સમર્પણ કોલેજના યજમાન પદે યોજાઈ રહેલા 'અભિવ્યકિત' યુવક મહોત્સવનું ઉદઘાટન તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર શુક્રવારે સવારે ૯ કલાકે રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે કરાશે. આ પૂર્વે સવારે ૭.૩૦ કલાકે શહેરના સુવિખ્યાત પંચેદવ મંદિરેથી યુવક મહોત્સવના સ્પર્ધકોની ભવ્ય માર્ચ પાસ્ટ યોજાશે જેમાં મહોત્સવમાં ભાગ લેનાર તમામ ૪૩ કોલેજના વિવિધ ટેબ્લો હશે. આ માર્ચ પાસ્ટમાં સમર્પણ કોલેજ 'ગરવી ગુજરાત' થીમ આધારિત ટેબ્લો પ્રસ્તુત કરશે.

'અભિવ્યકિત' યુવક મહોત્સવ એ ગુજરાત યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત ઈવેન્ટ છે જે પહેલીવાર સમર્પણ કોલેજના યજમાન પદે ગાંધીનગરમાં યોજાઈ રહી છે તેવી માહિતી આપતા કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. દીપક પંડયાએ જણાવ્યું હતું કે 'અભિવ્યકિત યુવક મહોત્સવમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૮૨ કોલેજ પૈકી ઉત્તર વિભાગની ૪૩ કોલેજ ભાગ લઈ રહી છે. જેમાં કુલ ૧૧૦૬ વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધામાં ભાગ લેશે. આ ઉપરાંત દરેક કોલેજમાંથી પ્રાધ્યાપકો-અધ્યાપકો તથા સ્વયંસેવકો વગેરે મળીને ૫૦૦થી વધુ વ્યકિતઓ આ ઈવેન્ટમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે જોડાશે.'

માર્ચ પાસ્ટ બાદ અભિવ્યકિત યુવક મહોત્સવનો ઉદઘાટન સમારોહ ૯ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુ પંડયા, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અનિલ નાયક અને લેખક વકતા જય વસાવડા પણ ઉપસ્થિત રહેશે. 'અભિવ્યકિત'માં ગીત-સંગીત, અભિનય-નૃત્યથી માંડીને ચિત્રકળા-વકતૃત્વ-કાવ્ય લેખન-કાવ્ય પઠન સહિતની વિવિધ ૨૯ સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધાઓ ત્રણ ભાગમાં યોજાશે. જેમાં ટાઉનહોલ, સમર્પણ પબ્લિક સ્કૂલ તથા સમર્પણ કોલેજ કેમ્પસમાં એમ ત્રણ સ્થળે સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. 'અભિવ્યકિત' મહોત્સવનું સમાપન તા. ૭મી સપ્ટેમ્બર શનિવારે સાંજે ૫ કલાકે સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ ખાતે યોજાશે. જેમાં 'ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ'ના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહી સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોને સન્માનશે.

### શુક્રવારે સવારે પંચદેવ મંદિરથી ટેબ્લો સાથે માર્ચ પાસ્ટ

'અભિવ્યકિત' યુવક મહોત્સવના સ્પર્ધકોની માર્ચ પાસ્ટ શુક્રવારે સવારે ૭.૩૦ કલાકે પંચદેવ મંદિરેથી નીકળી ટાઉનહોલ ખાતે પહોંચશે. જયાં ૯ કલાકે ઉદઘાટન સમારોહ યોજાશે. આ માર્ચ પાસ્ટમાં ૪૩ કોલેજના ટેબ્લો હશે તેમજ સ્પર્ધકો કોલેજના બેનર્સ સાથે જોડાશે. આ માર્ચ પાસ્ટમાં સમર્પણ કોલેજના સ્પર્ધકો 'ગરવી ગુજરાત' થીમ આધારિત ટેબ્લો સાથે જોડાશે.



### 'અભિવ્યકિત'માં કઈ કઈ સ્પર્ધાઓ યોજાશે?

'અભિવ્યકિત'માં કુલ ૧૧૦૬ સ્પર્ધકો જોડાઈ રહ્યા છે જેઓ ગીત, સંગીત, નૃત્ય, નાટય, ફાઈન આર્ટસ, સુગમ-સંગીત, લોકનૃત્ય, શાસ્ત્રીય નૃત્ય, એકાંકી, સ્કીટ, માઈમ, મિમિક્રી, શેરી નાટક, ચિત્ર, કોલાઝ, પોસ્ટર મેકિંગ, કલે મોડેલિંગ, કાર્ટુનીંગ, રંગોળી, સ્પોટ ફોટોગ્રાફી, મહેંદી, ઈન્સ્ટોલેશન, કવીઝ, વકતૃત્વ, ડીબેટ, કાવ્ય પઠન, કાવ્ય લેખન સહિતની ૨૯ સ્પર્ધાઓમાં ભાગ લેશે. આ સ્પર્ધાઓ ટાઉનહોલ, સમર્પણ પબ્લિક સ્કુલ તથા સમર્પણ કોલેજ એમ ત્રણ સ્થળે ત્રણ ભાગમાં યોજાશે.